# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**વંચાણે લીધાઃ–** દિપકકુમાર વી. રાવલ, માનદ સામાન્ય મંત્રીશ્રી, રાષ્ટ્રીય અંધજન મંડળ, નવસારી જીલ્લા શાખા નો તા.૦૮.૦૮.૨૦૧૭નો પત્ર

**અખિલ હિંદ અંધજન ધ્વજદિનની ઉજવણી માટે યથા શકિત ફાળો આપવા બાબત...**

## –:: પરિપત્ર ::–

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીમાં ફરજ બજાવતા અધિકારી / કર્મચારીશ્રીઓને જણાવવાનું કે, મંત્રીશ્રી, રાષ્ટ્રીય અંધજન મંડળના ઉકત વંચાણે લીધેલ પત્રમાં જણાવેલ વિગત મુજબ અખિલ હિંદ અંધજન ધ્વજદિનની ઉજવણી તારીખ ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૭ ના દિને પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ઉજવવાનું નકકી કરેલ છે. (નકલ સામેલ છે)

અખિલ હિંદ અંધજન ધ્વજદિનની ઉજવણી માટે તથા સદર સંસ્થાના વિકાસ અને કલ્યાણ માટે યથા શકિત ફાળાની રકમ આપની કચેરી તરફથી એકત્ર કરી તા.૧૧.૦૯.૨૦૧૭ સુધીમાં અત્રેની કચેરીએ મોકલી આપવા વિનંતી છે. જેથી સદર સંસ્થાના વિકલાંગો અને પ્રજ્ઞાચક્ષુઓની જીંદગીને આપની અનમોલ ભેટથી સુવાસિત બનાવી શકાય.

આ પરિપત્ર માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર બહાર પાડવામાં આવેલ છે.

**જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/ ભેટ/ ૧૨૦૪૨-૯૧ /૨૦૧૭.** **ઈ/ચા.કુલસચિવ**

**તારીખ :૦૮/૦૯/૨૦૧૭.**

**નકલ સવિનય રવાનાઃ–**

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ/કર્મચારીઓ તરફ જણા તથા યથા શકિત ફાળો આપવા સારુ.

**નકલ રવાનાઃ–**

મધુભાઈ યુ. કથીરીયા, પ્રમુખશ્રી, અને દિપક કુમાર વી. રાવલ, મંત્રીશ્રી, રાષ્ટ્રીય અંધજન મંડળ, નવસારી જીલ્લા શાખા, એલ–જી–૯, પેરેડાઈઝ ટાવર, પૂજન સર્જીકલની બાજુમાં, સ્ટેશન રોડ, નવસારી– ૩૯૬ ૪૪૫ તરફ જાણ સારુ.

Outward No. NAB/Nvs.-Dist. Br
General Secretary 20343 થી 20343
National Association for Blind
Navsari-Dist. Branch
Dt. 19-8-2017

# NATIONAL ASSOCIATION FOR THE BLIND

NAVSARI - DISTRICT BRANCH
L.G.-9, Paradise Tower, Near Pujan Surgical Co., Station Road, Navsari - 396 445.
Tel. : (O) (02637) 250025, 240005 (Fax) : 250025 Mob. : 98251 50501

SERVE THE BLIND
TAMSO MA JYOTIRGAMAYA

NATIONAL ASSOCIATION FOR THE BLIND NAVSARI

Date : 8/8/2017

પ્રતિશ્રી, વાઈસ ચાન્સેલર સાહેબશ્રી
કૃષિ યુનીવર્સીટી નવસારી

વિષય :— તા. ૧૪ મી સપ્ટેમ્બર, ૨૦૧૭ ના દિને અખિલ હિંદ અંધજન ધ્વજદિનની ઉજવણી બાબત.

માનનીય સાહેબશ્રી,

સવિનય સાથ ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે આગામી અખિલ હિંદ અંધજન ધ્વજદિનની ઉજવણી તારીખ ૧૪ સપ્ટેમ્બર,૨૦૧૭ના દિને પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ઉજવવાનું નકકી કરેલ છે. નવસારી જિલ્લામાં તા. ૨૬ મી જાન્યુઆરી, ૨૦૦૩ ના દિનથી રાષ્ટ્રીય અંધજન મંડળ નવસારી જિલ્લા શાખા કાર્યરત છે. જેની રાજય શાખા તરફથી અમારા જિલ્લા શાખાને અખિલ હિંદ અંધજન ધ્વજદિનની ઉજવણી કરવાની સત્તા આપેલ છે. તો આપ સાહેબને નમ્ર વિનંતી કે ઉપરોક્ત ઉજવણી બાબતે આપની સંસ્થામાં પરિપત્ર પાઠવશો. અને એકત્રિત થયેલ ફાળો રાષ્ટ્રીય અંધજન મંડળ, નવસારી જિલ્લા શાખાને તા. ૧૫ મી ઓકટોબર સુધીમાં મોકલી આપવા અનુરોધ કરશો.

આ ઉજવણી ધ્વારા મળેલ નાણાંકીય ફંડનો ઉપયોગ વિકલાંગોના કલ્યાણ અને વિકાસ માટે કરવામાં આવે છે.

**હાલમાં સંસ્થા ધ્વારા ચાલતી પ્રવૃતિઓ :—**

૧) માનસિક બિમારી ધરાવતી વ્યકિતઓ માટેની સંકલિત સમુદાય પુનવર્સન યોજના.
૨) નેત્રહિન વિધાર્થીઓ માટે ટોકીંગ બુક લાયબ્રેરી.
૩) બહુક્ષતિ ધરાવતા વિકલાંગો માટેની શાળા ભગવાન મહાવીર હોસ્પીટલ, સાંઢકુવા નવસારી ખાતે ચલાવવામાં આવે છે.
૪) નેત્રહીન વિધાર્થીઓ માટે સંકલિત શિક્ષણ યોજના.
૫) દર વર્ષે વિકલાંગો માટે તબીબી તથા સાધન સહાય શિબિરોનું આયોજન કરવામાં આવે છે.
૬) વિકલાંગો માટે જનજાગૃતિ અર્થે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

નોધ :— આપના ધ્વારા કાઢેલ પરિપત્રની નકલ સંસ્થાને મોકલાવવા વિનંતી.

સહકારની અપેક્ષા સહ...

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
ઇ.નં. ૯૫૩૦
04 SEP 2017
એડીએમ-૩ શાખા

આપનો વિશ્વાસુ

**દિપકકુમાર વી. રાવલ**
**માનદ સામાન્ય મંત્રી શ્રી,**
**રાષ્ટ્રીય અંધજન મંડળ,નવસારી જીલ્લા શાખા**

1-9-17

PSVC/4/2017
01 SEP 2017

A32

SEP 2017